## ઉપયોગો લક્ષણમ્ ........ ૨-૮

ગાથાર્થ: ઉપયોગ એ જીવનું લક્ષણ છે. અર્થાત અસાધારણ ધર્મ છે.

ભાવાર્થ: સામાન્ય અર્થમાં ઉપયોગ એટલે બોધરૂપ વ્યાપાર.

— જ્ઞાન દર્શનની પ્રવૃત્તિ તે ઉપયોગ

કોઈપણ જીવ એવો નથી કે જેમાં જ્ઞાન-દર્શન ન હોય. કોઈપણ જીવમાં અક્ષરના અનંતમા ભાગે તો જ્ઞાન ખુલ્લું જ હોય છે. જ્ઞાન-દર્શનરૂપ ઉપયોગ જીવ સિવાય અન્ય કોઈ દ્રવ્યોમાં હોતા નથી માટે તેને જીવનો અસાધારણ ગુણ કે લક્ષણ કહ્યું છે.

આત્મા એ લક્ષ્ય કે જ્ઞેય છે અને ઉપયોગ લક્ષણ-જાણવાનો ઉપાય છે. જગત અનેક જડ ચેતન પદાર્થોનું મિશ્રણ છે એમાંથી જડ અને ચેતનનો વિવેકપૂર્વક નિર્ણય કરવો હોય તો "ઉપયોગ" દ્વારા કરી શકે છે. અજીવમાં ચેતના શક્તિના અભાવે "ઉપયોગ" હોતો નથી.

સંક્ષેપમાં કહીએ તો આ અધ્યાયના પ્રથમ સૂત્રમાં જીવનું સ્વરૂપ બતાવેલ છે; એનું લક્ષણ અને પેટા ભેદ ૨-૭ સૂત્ર સુધી આપ્યું. સૂત્ર ૨-૮ માં જીવને ઓળખવાની મુખ્ય નિશાની દર્શાવેલ છે.

## સ: દ્વિવિધ: અષ્ટ ચતુ: ભેદ: ...... ૨-૯

ગાથાર્થ: તે ઉપયોગ બે ભેદવાળો છે.

પ્રથમ ભેદ (સાકારોપયોગ અર્થાત જ્ઞાનોપયોગ) ના આઠ પેટા ભેદ છે. અને દ્વિતીયભેદના (અનાકારોપયોગ અર્થાત દર્શનોપયોગ) ચાર પેટા ભેદ છે.

ભાવાર્થ:

ઉપયોગના બે ભેદ છે.

(૧) વસ્તુને સામાન્યથી જાણવી તે સામાન્યોપયોગ.
સામાન્યોપયોગ ને અનાકાર ઉપયોગ અથવા દર્શન ઉપયોગ પણ કહેવો.

(૨) વસ્તુને વિશેષ જાણવી તે વિશેષોપયોગ.
વિશેષોપયોગ ને સાકાર ઉપયોગ અથવા જ્ઞાન ઉપયોગ પણ કહેવો.

* જ્ઞાનોપયોગના આઠ ભેદ છે.
(૧) મતિજ્ઞાનોપયોગ (૨) શ્રુતજ્ઞાનોપયોગ (૩) અવધિજ્ઞાનોપયોગ (૪) મન:પર્યવજ્ઞાનોપયોગ (૫) કેવળ જ્ઞાનોપયોગ (૬) મિથ્યાત્વયુક્ત મતિજ્ઞાનોપયોગ (મતિઅજ્ઞાન) (૭) મિથ્યાત્વયુક્ત શ્રુત જ્ઞાનોપયોગ (શ્રુત અજ્ઞાન) (૮) મિથ્યાત્વયુક્ત અવધિજ્ઞાનોપયોગ (વિભંગ જ્ઞાન)

* દર્શનોપયોગના ચાર ભેદ છે.
(૧) ચક્ષુદર્શનોપયોગ (૨) અચક્ષુદર્શનોપયોગ (૩) અવધિ દર્શનોપયોગ
(૪) કેવળદર્શનોપયોગ. ↳(એક થી ત્રણ ઈન્દ્રિયવાળા જીવોને ચક્ષુ હોતા નથી)

જ્ઞાન એ આત્માનો ગુણ છે. આત્મા અમૂર્ત છે. માટે જ્ઞાન પણ અમૂર્ત હશે. અમૂર્તનો કોઈ આકાર ન હોય પણ તે જે દ્રવ્યને આશ્રયીને રહે તેવો તેનો આકાર જણાય. તેથી જેવો પદાર્થ જોયો છે તેવોજ જ્ઞાન વિષે જણાય છે માટે તેને સાકાર કહ્યું.

જ્યારે દર્શન એક પદાર્થથી બીજા પદાર્થથી જુદો પાડતું નથી માટે તેનો બોધ સામાન્ય હોવાથી તે નિરાકાર કહેવાય છે.

દર્શન શબ્દના ત્રણ અર્થ આચાર્યોએ કહ્યા છે.
(૧) દર્શન એટલે "શ્રદ્ધા"
(૨) દર્શન એટલે "નેત્ર વડે જોવું"
(૩) દર્શન એટલે "સામાન્ય બોધ". આ અર્થમાં જ "દર્શન" શબ્દને અહીં સ્વીકારવો. તેના ભેદ ચાર છે.

ચક્ષુદર્શન :- નેત્ર દ્વારા થતો વસ્તુનો સામાન્ય બોધ

અચક્ષુદર્શન :- નેત્ર સિવાયની ચાર ઇન્દ્રિયો [સ્પર્શ, રસ, ઘ્રાણ, શ્રોત્ર] તથા મન દ્વારા થતો વસ્તુનો સામાન્ય બોધ

અવધિદર્શન :- ઇન્દ્રિયોની સહાય વિના, રૂપી પદાર્થોનો થતો સામાન્ય બોધ

કેવળદર્શન :- રૂપી-અરૂપી સમસ્ત પદાર્થોનો સામાન્ય બોધ.

પ્રશ્ન: અહીં ઉપયોગના જે બાર ભેદ કહ્યા તેમાં ક્ષાયોપશમિક ભાવના કેટલા અને ક્ષાયિક ભાવના કેટલા ?

ઉત્તર: કેવળજ્ઞાન અને કેવળદર્શન બંને ઉપયોગ ક્ષાયિક ભાવના છે. બાકીના ૪-જ્ઞાન, ૩-અજ્ઞાન, અને ૩-દર્શન ક્ષાયોપશમિક ભાવના છે.

પ્રશ્ન: સાકારોપયોગના જ્ઞાન અને અજ્ઞાનમાં શું તફાવત છે?

ઉત્તર: મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ જ્ઞાન સમ્યક્ત્વી જીવને હોય છે. મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન અને અવધિ અજ્ઞાન મિથ્યાત્વી જીવને હોય છે.

પ્રશ્ન: મનઃપર્યવ અજ્ઞાન અને કેવળ અજ્ઞાન કેમ કહ્યા નહિ?

ઉત્તર: આ બંને જ્ઞાન સમ્યક્ત્વ થયા વિના ઉત્પન્ન થતા નથી માટે તેમાં અજ્ઞાન સંભવ જ નથી.

× × ×

૨-૧૦

**સંસારિણો મુક્તાશ્ચ**

સંસારી અને મુક્ત એમ જીવોના બે ભેદ છે.

ભાવાર્થ:

જે જીવો કર્મવશ બનીને ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે તે સંસારી. જે જીવો કર્મના બંધનથી મુક્ત બનીને મોક્ષમાં સ્થિર રહે છે તે મુક્ત જીવ કહેવાય છે.

**સમનસ્ક - અમનસ્કાઃ** —————— 2-11

મનવાળા (સંજ્ઞી) અને મનરહિત (અસંજ્ઞી) એમ બે પ્રકારના જીવો છે.

ભાવાર્થ: મનના દ્રવ્યમન અને ભાવમન એમ બે પ્રકાર છે.

દ્રવ્યમન એટલે મનન કરવા ગ્રહણ કરેલા મનોવર્ગણાના પુદ્ગલો.

ભાવમન: એટલે ગ્રહણ કરેલા મનોવર્ગણાના પુદ્ગલો દ્વારા મનન-વિચાર કરવાની શક્તિ.

જેને દ્રવ્યમન અને ભાવમન બંને પ્રકારના મન હોય તેને 'સમનસ્ક' અથવા સંજ્ઞી કહેવાય છે. દ્રવ્યમન વિનાના અને ભાવમન જેને છે તે ~~વિચારના~~ જીવો, ~~જે મનરહિત છે, તેને~~ ને અમનસ્ક અથવા અસંજ્ઞી કહેવાય છે.

દેવો, નારકો, ગર્ભજ મનુષ્યો અને ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય જીવો સમનસ્ક (સંજ્ઞી) હોય છે. બાકીના એકેન્દ્રિય થી ચઉરિન્દ્રિય સુધીના તથા સંમૂર્છિમ પંચેન્દ્રિય જીવો, [illegible] વગેરે અસંજ્ઞી છે.

એકેન્દ્રિય જીવોને ભાવમન એટલે કે વિચાર કરવાની (અવ્યક્ત વિચાર રૂપે) હોય છે, પણ દ્રવ્યમન હોતું નથી. એટલે તેઓ વિચાર કરી શકતા નથી.

એકેન્દ્રિયાદિ (અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના) જીવોને પૂરતા પ્રમાણમાં દ્રવ્યમન ન હોવાથી સંજ્ઞીની જેમ ભૂત કે ભવિષ્યનો લેશમાત્ર પણ વિચાર કરી શકતા નથી અને વર્તમાન કાળનો પણ હિતાહિતની દૃષ્ટિએ સ્પષ્ટ વિચાર કરી શકતા નથી માટે અલ્પ દ્રવ્યમનવાળાને મનવાળા ન કહેતા મન વગરના કહ્યા છે.

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય જીવોને વિકલેન્દ્રિય જીવો કહેવાય છે, આવા જીવોને દ્રવ્યમન નથી પરંતુ જ્ઞાનાવરણીયના ક્ષયોપશમ રૂપ ભાવ મન એકેન્દ્રિય કરતાં બેઇન્દ્રિય અનુક્રમે તેઇન્દ્રિય ચઉરિન્દ્રિયમાં અધિક અધિક હોય છે.

<u>પ્રશ્ન</u>: અમનસ્ક (મન વગરના) જીવો કયા છે?

<u>ઉત્તર</u>: એકેન્દ્રિય અર્થાત્ તમામ સ્થાવર જીવો, વિકલેન્દ્રિય (બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય) જીવો, તથા સંમૂર્છિમ તિર્યંચ પંચેન્દ્રિય અને સંમૂર્છિમ મનુષ્ય ~~પંચેન્દ્રિય~~ જીવો અમનસ્ક છે.
સિદ્ધના જીવોને ~~બંને~~ દ્રવ્યમન અને ભાવમન બંને મન ન હોવાથી અમનસ્ક કહ્યા છે,

**સંસારિણઃ ત્રસ સ્થાવરાઃ** ——— ૨-૧૨

<u>શબ્દાર્થ</u>: સંસારી જીવોના બે ભેદ છે. ત્રસ (ગતિ કરનાર) અને સ્થાવર (ગતિ નહીં કરનાર).

<u>ભાવાર્થ</u>: "ત્રસ" જીવ કોને કહેવાય?
— જે ત્રાસ પામવાથી ગતિ કરી શકે છે તે ત્રસ જીવ કહેવાય
— જે પ્રાણી ગતિશીલ છે તે ત્રસ કહેવાય
— જીવમાં દુઃખને ~~છોડવાની~~ અને સુખને મેળવવાની પ્રવૃત્તિ સ્પષ્ટ દેખાય છે ત્યાં ત્રસ નામકર્મનો ઉદય સમજવો.

સ્થાવર જીવ કોને કહેવાય?
— જે ત્રાસ પામવા છતાં ગતિ કરી શકતા નથી તે સ્થાવર જીવ.
— જે પ્રાણી ગતિશીલ નથી તે સ્થાવર કહેવાય
— જીવમાં દુઃખને છોડવાની અને સુખને મેળવવાની પ્રવૃત્તિ ન હોય ત્યાં સ્થાવર નામકર્મનો ~~ઉદય~~ સમજવો.

સામાન્ય રીતે બેઇન્દ્રિયથી ~~માંડીને~~ બહુ ઇન્દ્રિયવાળા જીવો ત્રસ છે, જ્યારે એકેન્દ્રિય જીવો સ્થાવર કહ્યા છે.

**પૃથ્વી-અપ્-વનસ્પતયઃ સ્થાવરાઃ** ——— ૨-૧૩

<u>ભાવાર્થ</u>: પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાયના જીવો સ્થાવર છે.

ભાવાર્થ: દરેક પ્રકારની સચિત્ત માટીના જીવો પૃથ્વીકાય છે.
ઉપરાંત સ્ફટીક, માણેકરત્ન, પરવાળા, પારો, સોનું વગેરે ધાતુઓ, ખડી, પાષાણ, ખારો, અબરખ, માટી, સીસુ વગેરે પૃથ્વીકાય છે.

દરેક પ્રકારના સચિત્ત પાણીના જીવો અપકાય છે.
ઓસ અને આકાશનું પાણી, ઝાકળ, કરા, ધુમ્મસ વગેરે અપકાય છે.

દરેક પ્રકારની સચિત્ત (લીલી) વનસ્પતિના જીવો વનસ્પતિકાય છે.
દરેક પ્રકારના વેલા, નાના મોટા છોડવા, દરેક પ્રકારના ઘાસ, નાના-મોટા વૃક્ષો, વૃક્ષના ડાંડા, ફૂલ, ફળ, અનાજ આદિ વનસ્પતિકાય છે.

તેજો: વાયુ દ્વિ ઈન્દ્રિય આદયઃ ચ ત્રસા: —— ૨-૧૪

ગાથાર્થ: તેઉકાય, વાયુકાય અને બેઈન્દ્રિય વગેરે (બેઈન્દ્રિય- તેઈન્દ્રિય- ચઉરિન્દ્રિય- પંચેન્દ્રિય) આદિને ત્રસ કહ્યા છે.

ભાવાર્થ: સામાન્યથી જૈન શાસ્ત્રોમાં પૃથ્વી- અપ- તેઉ- વાયુ- વનસ્પતિ આ પાંચેને સ્થાવર કહ્યા છે. જ્યારે અહીં તેઉકાય અને વાઉકાયને સ્થાવર ન કહેતા ત્રસ કહ્યા છે તેનું કારણ એ છે કે તેઉકાય અને વાઉકાય સ્વયં ગતિશીલ છે, ગમનાગમન કરનારા છે માટે ત્રસ કહ્યા છે.
પરમાર્થથી તો તેઉકાય અને વાઉકાય જીવો સ્થાવર જ છે.
તેઉકાય ચોરસે ઊર્ધ્વ ગતિ કરનાર હોવાથી અને વાઉકાય એક દિશામાંથી બીજી દિશામાં વાંકો હોવાથી ગમનાગમન કરનાર છે; એમ સમજ ગતિ ત્રસ કહ્યા છે.
કોઈ અપકાય પણ ગતિ કરે છે પરંતુ તે જમીનના ઢાળના આધારે ગતિ કરે છે. સ્વયં ગતિ કરતો નથી. વૃક્ષની શાખાઓ પણ ગતિ કરે છે પરંતુ પવનના સંયોગથી ગતિ કરે છે. સ્વયં ગતિ કરતા નથી.

પંચ ઈન્દ્રિયાણિ —— ૨-૧૫

ગાથાર્થ: ઈન્દ્રિયો પાંચ છે.

ભાવાર્થ: ઈન્દ્ર એટલે આત્મા. તેને ઓળખવાની નિશાની તે ઈન્દ્રિય. શરીરમાં આત્મા છે કે નહિ તે ઈન્દ્રિયોથી જાણી શકાય છે. તે ઈન્દ્રિયો પાંચ છે. શરીરમાં એવા કુલ પાંચ અવયવો છે કે જેનાથી રૂપ-રસ-ગંધ-સ્પર્શ અને શબ્દનું જ્ઞાન થાય છે, માટે શરીરમાં પાંચ જ ઈન્દ્રિયો છે.

દ્વિવિધાનિ ---------- ૨-૧૬

ગાથાર્થ: દરેક ઈન્દ્રિય દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે છે; અર્થાત પ્રત્યેક ઈન્દ્રિયના દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય એમ બે ભેદ છે.

ભાવાર્થ: પુદ્ગલની બનેલી જે ઈન્દ્રિય તે દ્રવ્યેન્દ્રિય અને આત્મામાં રહેલી વિષય જાણવાની જે શક્તિ તે ભાવેન્દ્રિય. દ્રવ્યેન્દ્રિય પુદ્ગલની બનેલી છે અને ભાવેન્દ્રિય જ્ઞાનાત્મક છે.

નિર્વૃત્તિ - ઉપકરણે દ્રવ્યેન્દ્રિયમ્ ---------- ૨-૧૭

ગાથાર્થ: દ્રવ્યેન્દ્રિયના નિર્વૃત્તિ અને ઉપકરણ એમ બે ભેદો છે.

ભાવાર્થ: (૧) નિર્વૃત્તિ એટલે વિશિષ્ટ આકારની રચના. અર્થાત બહાર શરીર ઉપર દેખાતી ઈન્દ્રિયોની આકૃતિઓ તે નિર્વૃત્તિ, જુદાજુદા આકાર રૂપે ઈન્દ્રિયોની ઉત્પત્તિ થવી.
(૨) ઉપકરણ એટલે ઉપકારક. નિર્વૃત્તિ દ્રવ્યેન્દ્રિયની અંદર રહેલી અત્યંત સૂક્ષ્મ પુદ્ગલોથી બનેલી શક્તિ તે ઉપકરણ કહેવાય. આથી એ સ્પષ્ટ થયું કે જે સ્થાનમાં નિર્વૃત્તિ દ્રવ્યેન્દ્રિય છે તે જ સ્થાનમાં ઉપકરણ દ્રવ્યેન્દ્રિય છે. નિર્વૃત્તિ હોવા છતાં શક્તિનો ઉપઘાત થાય તો વિષયનો બોધ ન થાય.
જેમ કે બહેરો માણસ નિર્વૃત્તિ હોવા છતાં શક્તિ રૂપ ઉપકરણ ન હોવાથી સાંભળી શકે નહિ.

નિર્વૃત્તિ દ્રવ્યેન્દ્રિયના બાહ્ય અને અભ્યંતર એમ બે ભેદો છે.

આયણાનો દેખાતો આકૃતિનો બાહ્ય આકાર બાહ્ય નિર્વૃત્તિ છે.
બાહ્ય નિર્વૃત્તિ ઇન્દ્રિયની અંદર રહેલો તે તે ઇન્દ્રિયનો આકાર
અભ્યંતર નિર્વૃત્તિ છે. આંખ એ બાહ્ય નિર્વૃત્તિ ઇન્દ્રિય છે
અને આંખમાં રહેલી કીકી (Pupil) અભ્યંતર નિર્વૃત્તિ
ઇન્દ્રિય છે. આંખની કીકીમાં જોવાની શક્તિ એ ઉપકરણ ઇન્દ્રિય કહેવાય.
ઉપકરણ ઇન્દ્રિય એટલે અભ્યંતર નિર્વૃત્તિમાં રહેલી
પોતપોતાના વિષયને ગ્રહણ કરવાની શક્તિ. આ વિષયને
તલવારના દ્રષ્ટાંતથી વિચારીએ.
બાહ્યનિર્વૃત્તિ તલવાર સમાન છે. અભ્યંતર નિર્વૃત્તિ તલવારની
ધાર સમાન છે. ઉપકરણ ઇન્દ્રિય તલવારની ધારમાં રહેલી
કાપવાની તીક્ષ્ણ શક્તિ સમાન છે.

**લબ્ધિ-ઉપયોગૌ ભાવેન્દ્રિયમ્** ——— ૨-૧૮

ગાથાર્થ: ભાવ ઇન્દ્રિયના લબ્ધિ અને ઉપયોગ એમ
બે ભેદો છે

લબ્ધિ એટલે લાભ. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી
જ્ઞાનશક્તિનો લાભ તે લબ્ધિ. ઉપયોગ એટલે વ્યાપાર.
જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી મળેલી જ્ઞાનશક્તિરૂપ
લબ્ધિનો વ્યાપાર તે ઉપયોગ.
એક દ્રષ્ટાંતથી આ સૂત્ર સમજીએ
ધારોકે કોઈ વ્યક્તિ $ ૪૦ લાખની મૂડીને Business માં રોકે છે;
તેમાંથી તેને પ્રાપ્ત થયેલા $ ૫૦ લાખ ને લબ્ધિ કહેવાય. તેમાંથી
જે $ ૪૦ લાખ વેપારમાં રોકાયા તેને ઉપયોગ કહેવાય.
જેમ વેપારી પોતાની બધી જ મૂડીને વેપારમાં રોકતો નથી
તેમ જીવ પણ ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલી બધી જ્ઞાનશક્તિનો
હંમેશા ઉપયોગ કરી શકતો નથી. જેમ કે આપણે ઊંઘમાં હોઈએ
ત્યારે જ્ઞાનશક્તિનો ઉપયોગ કરતા નથી. જાગૃત હોઈએ ત્યારે પણ
બધી જ્ઞાનશક્તિનો એક સરખો ઉપયોગ કરતા નથી.

તલવારના દ્રષ્ટાંતથી ઉપરના બંને સૂત્રો સમજીએ.

તલવારના સ્થાને (મ્યાન) બાહ્ય નિર્વૃત્તિ છે.

તલવારની ધારના સ્થાને અભ્યંતર નિર્વૃત્તિ છે.

તલવારની ધારમાં રહેલી કાપવાની શક્તિના સ્થાને ઉપકરણ છે.

તલવાર ચલાવવાની કળાના સ્થાને લબ્ધિ છે.

તલવાર ચલાવવાની કળાના ઉપયોગના સ્થાને "ઉપયોગ" છે.

ઇન્દ્રિય

- દ્રવ્યેન્દ્રિય
  - નિર્વૃત્તિ (વિશિષ્ટ આકારની રચના કાન)
    - બાહ્ય (તલવારના સ્થાને) દા.ત. બહારનો કાન
    - અભ્યંતર (તલવારની ધારના સ્થાને) અંદરનો કાન
  - ઉપકરણ (ધારની શક્તિના સ્થાને) કાનમાં સાંભળવાની શક્તિ
- ભાવેન્દ્રિય
  - લબ્ધિ (તલવાર ચલાવવાની કળા ના સ્થાને) જ્ઞાન
  - ઉપયોગ (તલવાર ચલાવવાની કળા ના ઉપયોગના સ્થાને) વિવેક

ઉપયોગઃ સ્પર્શાદિષુ ——— ૨-૧૯

આ પાંચેય ઇન્દ્રિયોનો સ્પર્શ વગેરે વિષયો જાણવામાં ઉપયોગ હોય છે.

ભાવાર્થ: પાંચ ઇન્દ્રિયોનો વપરાશ સ્પર્શ વગેરે વિષયો જાણવામાં પ્રવર્તે છે. આ વાત આચાર્યશ્રી હવે પછીના બે સૂત્રોમાં જણાવે છે.

સ્પર્શન - રસન - ઘ્રાણ - ચક્ષુઃ શ્રોત્રાણિ —— ૨-૨૦

સ્પર્શ - રસ - ગંધ - વર્ણ - શબ્દાઃ તેષામ્ અર્થાઃ —— ૨-૨૧

ગાથાર્થ: સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એમ પાંચ ઇન્દ્રિયો ક્રમશઃ નામ છે. -(૨-૨૦) અને
સ્પર્શ - રસ - ગંધ - વર્ણ અને શબ્દ એ પાંચ તેઓના વિષયો છે (૨-૨૧)

ભાવાર્થ: જે જીવ એકેન્દ્રિય હોય તેને સ્પર્શ ઇન્દ્રિય હોય છે.
આમ સ્પર્શેન્દ્રિય દરેક જીવને હોય જ.
બે ઇન્દ્રિયવાળા જીવને સ્પર્શન અને રસન એ બે ઇન્દ્રિય હોય છે.
ત્રણ ઇન્દ્રિયવાળા જીવને સ્પર્શન, રસન, અને ઘ્રાણ ઇન્દ્રિય હોય છે.
ચઉરિન્દ્રિયને સ્પર્શન, રસન, ઘ્રાણ પછી ચક્ષુ ઇન્દ્રિય હોય છે.
પંચેન્દ્રિય જીવને સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ પછી શ્રોત્ર પ્રાપ્ત થાય છે.
કોઈપણ એક ઇન્દ્રિય પોતાના વિષયને જ જાણી શકે છે બાકીના વિષયો તે ઇન્દ્રિય દ્વારા જાણી શકાતા નથી. સ્પર્શેન્દ્રિયમાં સ્પર્શ સિવાય બીજા કોઈ વિષય જાણવાની શક્તિ નથી. રસનેન્દ્રિયમાં રસ સિવાય કોઈ વિષયને જાણવાની શક્તિ નથી. તેમ બાકી ઇન્દ્રિયોમાં સમજવું.

શ્રુતમ્ અનિન્દ્રિયસ્ય ——— ૨-૨૨

શબ્દાર્થ: અનિન્દ્રિયનો (મનનો) વિષય શ્રુતજ્ઞાન છે.

ભાવાર્થ: શ્રુતજ્ઞાન એ ચિંતન-મનન કે વિચારણા સ્વરૂપ છે જેથી તે મન દ્વારા થાય છે. ઈન્દ્રિયો દ્વારા મુખ્યત્વે મતિજ્ઞાન અને દ્રવ્ય શ્રુતજ્ઞાન થાય છે જ્યારે મન દ્વારા મતિજ્ઞાન અને ભાવ શ્રુતજ્ઞાન (ચિંતન-મનન) થાય છે. અહીં સૂત્રમાં મનનો વિષય શ્રુતજ્ઞાન છે એમ કહ્યું તે મુખ્યત્વે ભાવશ્રુતની અપેક્ષાએ છે. દ્રવ્યશ્રુત તો ઈન્દ્રિયોનો વિષય થઈ શકે છે. ઈન્દ્રિયોનો વિષય કેવળ રૂપી પદાર્થો છે જ્યારે મનનો વિષય રૂપી-અરૂપી પદાર્થો છે.

સૂત્ર ૨-૨૩ અને ૨-૨૪ માં કહ્યા પ્રમાણે

વાયુ-અન્તાનામ્ એકમ્ ———— ૨-૨૩

સૂત્રાર્થ: વાયુ સુધીના જીવોને એક જ ઈન્દ્રિય હોય છે.

ભાવાર્થ: પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય, તેઉકાય અને વાઉકાય એ પાંચ પ્રકારના જીવો એક ઈન્દ્રિય હોય છે તેથી તેમને એકેન્દ્રિય કહે છે.

કૃમિ-પિપીલિકા-ભ્રમર-મનુષ્યાદીનામ્ એક-એક-વૃદ્ધાનિ — ૨-૨૪

સૂત્રાર્થ: કૃમિ, કીડી, ભ્રમર અને મનુષ્યાદી જીવોને એક એક ઈન્દ્રિય વધારે વધારે હોય છે.

ભાવાર્થ: કૃમિ, શંખ, છીપ, જળો વગેરે જીવોને સ્પર્શનેન્દ્રિય અને રસનેન્દ્રિય એમ બે ઈન્દ્રિયો હોય છે. કીડી, મંકોડા, માંકડ, જૂ, કંથુઆ વગેરે જીવોને સ્પર્શન, રસન અને ઘ્રાણ એમ ત્રણ ઈન્દ્રિયો હોય છે. ભ્રમર, માખી, મચ્છર, વીંછી, પતંગિયા વગેરે જીવોને ચક્ષુ સહિત ચાર ઈન્દ્રિયો હોય છે. દેવ, નારક, મનુષ્ય તથા પશુ, પક્ષી, જળચર વગેરે તિર્યંચોને પાંચ ઈન્દ્રિયો હોય છે.

જીવોમાં એકેન્દ્રિય આદિ ભેદોનો વ્યવહાર દ્રવ્યેન્દ્રિયની અપેક્ષાએ છે. ભાવ ઈન્દ્રિયો દરેક પ્રાણીને પાંચ હોય છે પણ દ્રવ્ય ઈન્દ્રિયના અભાવે તે તે ઈન્દ્રિયના વિષયનું જ્ઞાન થતું નથી. ક્યાંક ક્યાંક દ્રવ્યેન્દ્રિય ન હોવા છતાં ભાવેન્દ્રિયના પ્રતાપે અલ્પ માત્રાએ જ્ઞાન થતું દેખાય છે જેમકે ચંદ્રવિકાસી અને સૂર્યવિકાસી કમળ એકેન્દ્રિય હોવા છતાં ચંદ્ર-સૂર્ય જોઈને ખીલે છે.

## સંજ્ઞિન: સમનસ્કા: ——— ૨-૨૫

સૂત્રાર્થ: સંજ્ઞી જીવો મનવાળા હોય છે અર્થાત્ મનસહિત જીવો સંજ્ઞી કહેવાય છે.

ભાવાર્થ: આગળ ૧૧ મા સૂત્રમાં સંસારી જીવો મનવાળા અને મન વગરના એમ બે પ્રકારના હોય છે તેમ જણાવ્યું. હવે કયા જીવો મનવાળા અને કયા જીવો મન વિનાના હોય તેનું સમાધાન આચાર્યશ્રીએ આ સૂત્રમાં કર્યું છે. સંજ્ઞી જીવો મનવાળા હોય છે અર્થાત્ અસંજ્ઞી જીવો મન રહિત હોય છે તે સિદ્ધ થાય છે.
ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળને આશ્રયીને પોતાના હિત-અહિતનો દીર્ઘ વિચાર કરવાની શક્તિ (દીર્ઘકાલિકી સંજ્ઞા) સંજ્ઞી જીવોમાં હોય છે. દેવ, નારકી, ગર્ભજ મનુષ્ય અને ગર્ભજ તિર્યંચ જીવો સંજ્ઞી છે.
જે જીવો ત્રણે કાળને આશ્રયીને કેવી પ્રવૃત્તિ મને હિતકારક છે અને કેવી પ્રવૃત્તિ અહિતકારક છે તેનો વિચાર કરી શકતા નથી તે જીવો અસંજ્ઞી છે. તે જીવો માત્ર વર્તમાન પૂરતો જ સામાન્ય વિચાર કરી શકે છે.
એકેન્દ્રિય થી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવો મન વિનાના હોય છે. આવા જીવો દીર્ઘકાલિકી સંજ્ઞા ન હોવાથી અસંજ્ઞી કહેવાય છે.

## વિગ્રહગતૌ કર્મયોગ: ——— ૨-૨૬

સૂત્રાર્થ: વિગ્રહગતિમાં (એક ભવમાંથી બીજા ભવમાં જતા વળાંકવાળી ગતિમાં) કાર્મણ કાયયોગ હોય છે.

ભાવાર્થ: સંસારી જીવને કોઈ પણ ક્રિયા કરવી હોય તો યોગની (આત્મિક શક્તિની) જરૂર પડે છે. આત્મિક શક્તિના ઉપયોગ કરવામાં સહાયક સાધનો છે મન, વચન અને કાયા. આ ત્રણમાંથી કોઈની પણ સહાય વિના સંસારી જીવ કોઈ ક્રિયા કરી શકતો નથી.

જીવો પરભવમાં બે પ્રકારની ગતિથી જાય છે. એક વિગ્રહ ગતિ (વળાંકવાળી) અને બીજી અવિગ્રહ ગતિ. વિગ્રહ એટલે વળાંક. અવિગ્રહ એટલે વળાંક રહિત, સરળ. પરભવમાં જતાં મન અને વચન ન હોવાથી એ બે યોગોનો સર્વથા અભાવ હોય છે. આથી ~~[illegible]~~ પરભવમાં જતાં જીવને વિગ્રહગતિમાં કાર્મણ કાયયોગ હોય છે. મન-વચન અને કાયાના યોગ કુલ ૧૫ પ્રકારના છે. આ ૧૫ ભેદો છઠ્ઠા અધ્યાયના પહેલા સૂત્રમાં વિચારીશું. મનના ચાર, વચનના ચાર અને કાયાના સાત એમ ૧૫ યોગોમાંથી માત્ર કાર્મણ યોગ જ વિગ્રહ ગતિમાં હોય છે. કારણ કે ત્યાં પૂર્વભવનું શરીર છૂટી ગયું છે, નવા ભવનું શરીર હજુ પ્રાપ્ત થયું નથી. તેથી શરીર સંબંધિત ઔદારિક-વૈક્રિય અને આહારક યોગો સંભવતા નથી.

મૃત્યુ પામ્યા પછી પરભવમાં જતા જીવની ગતિ કેવી હોય છે તે હવે જણાવે છે.

## અનુશ્રેણિ ગતિઃ ——— ૨-૨૭

શ્રેણિ એટલે લીટી (Line). અનુશ્રેણિ એટલે લીટી પ્રમાણે. લોકના મધ્ય ભાગથી ઉત્તર-દક્ષિણ (North-south) અને આજુબાજુ (East-west) આકાશ પ્રદેશોની સીધી શ્રેણીઓ-રસ્તાઓ (Tracks) આવેલી છે. જેમ ટ્રેઈન પાટા ઉપર ચાલે તેમ જીવ આકાશપ્રદેશોની શ્રેણી ઉપર જ ચાલે છે. મૃત્યુ પછી, ચાર દિશા અને ઉપર, નીચે (આકાશ અને પાતાળ તરફ) એમ છ દિશાઓમાંથી કોઈપણ એક દિશામાં (બાંધેલા આયુષ્યના આધારે) જીવનું ગમન થાય છે.

## અવિગ્રહા જીવસ્ય ——— ૨-૨૮

સૂત્રાર્થ: જીવની અર્થાત્ સિદ્ધ થતા જીવની ગતિ સરળ (વળાંક રહિત) જ હોય છે.

અવિગ્રહ = વળાંક વિનાની

ભાવાર્થ: જીવ જ્યારે સર્વ કર્મોનો ક્ષય કરીને દેહત્યાગ કરે છે ત્યારે તે જ સ્થાનેથી ઊર્ધ્વ ગતિમાં ઉપર જાય છે. આ ગતિ વક્રગતિ થતી નથી.

## વિગ્રહવતી ચ સંસારિણઃ પ્રાક્ ચતુર્ભ્યઃ — ૨-૨૯

સૂત્રાર્થ: સંસારી જીવોની વિગ્રહવાળી અને વિગ્રહવિનાની એમ બે પ્રકારની ગતિ હોય છે. વિગ્રહવાળી ગતિ વધુમાં વધુ ચારની પૂર્વે એટલે ત્રણ વક્રવાળી (ચાર સમય સુધીની) ગતિ હોય છે.

ભાવાર્થ: સંસારી જીવ જ્યારે એક ભવ પૂરું કરી બીજા ભવમાં જાય ત્યારે સીધો પણ જાય (અવિગ્રહ) અને વળાંક વાળો (વિગ્રહ) પણ જાય છે. જ્યારે ઉત્પત્તિસ્થાન મૃત્યુસ્થાનથી સમશ્રેણીમાં હોય ત્યારે જીવ કોઈ જાતના વળાંક વિના અવિગ્રહ ગતિથી ઉત્પત્તિસ્થાને પહોંચી જાય છે, પરંતુ જ્યારે ઉત્પત્તિસ્થાન મૃત્યુસ્થાનથી સમશ્રેણીમાં ન હોય ત્યારે જીવને કોઈ વખત એક, કોઈ વખત બે કે કોઈ વખત ત્રણ વળાંકથી ગતિ કરવી પડે છે. જે ગતિમાં એક વળાંક આવે તે ગતિ એકવક્રા, બે વળાંક આવે તે દ્વિવક્રા અને ત્રણ વળાંક આવે તે ત્રિવક્રા કહેવાય છે. જીવને પરભવમાં જતાં વળાંક લેવા પડે છે તેના બે કારણો છે. (૧) જીવ કર્મને આધીન હોવાથી પોતાના કર્મ પ્રમાણે દિશા-વિદિશાઓમાં, આકાશ-પાતાળ સ્થાનમાં ઉત્પન્ન થવું પડે છે. (૨) આકાશપ્રદેશોની શ્રેણી (Track)ને અનુસાર જ ગતિ કરવી પડે છે. (સૂત્ર ૨૭ માં આપણે જોયું)

એકવક્રા ગતિ બે સમયની, દ્વિવક્રા ગતિ ત્રણ સમયની, ત્રિવક્રાગતિ ચાર સમયની અને ચતુર્વક્રા ગતિ પાંચ સમયની હોય છે. કારણ કે દરેક પ્રકારની વક્રગતિમાં પ્રથમ સમયની ગતિ તો સીધી (અવક્ર) જ હોય છે. સ્થાવરમાંથી સ્થાવરમાં ઉત્પન્ન થનાર જીવમાં ત્રિવક્રા અથવા ચતુર્વક્રા ગતિ હોઈ શકે છે.




મૃત્યુ પામીને પરભવમાં જતો જીવ ઉત્પત્તિસ્થાને પહોંચે ત્યારે તે કેવી રીતે ગતિ કરે તે દર્શાવતું ચિત્ર: સૂત્ર ૨:૨૯ ના આધારે.

### એક સમયઃ અવિગ્રહઃ: ——— 2-30

સૂત્રાર્થ: અવિગ્રહ (સરળ) ગતિનો કાળ એક સમય છે.

ભાવાર્થ: જીવ જ્યાં ~~[illegible]~~ અવિગ્રહ ગતિથી જવાનો હોય છે ત્યાં એક સમયમાં પહોંચી જાય છે. ~~[illegible]~~ છે. જો ઉત્પત્તિસ્થાને જવામાં એથી વધારે સમય લાગે તો પણ પ્રથમ સમયમાં અવિગ્રહ ગતિ જ હોય છે. બાકીના સમયોમાં વિગ્રહ ગતિ હોય છે, કારણ કે બીજા સમયથી વળાંક શરૂ થઈ જાય છે.

મોક્ષમાં જતા જીવની ગતિ અવિગ્રહ ગતિ (વક્રતા વિનાની) હોય છે. વ્યવહારિક રીતે તો જે સમયે નિર્વાણ પામે છે તે સમયે જ સિદ્ધશિલા ઉપર લોકાંતે (લોકના અગ્રભાગે) પહોંચી જાય છે અને અનંતકાળ સુધી અનંત સુખ ભોગવે છે.

**એકં દ્વૌ વા અનાહારકઃ :** ———— ૨:૩૧

સૂત્રાર્થ: પરભવમાં જતાં વિગ્રહગતિમાં જીવ એક અથવા બે સમય અણાહારી હોય છે – આહાર લેતો નથી.

ભાવાર્થ: એક ભવથી બીજા ભવમાં ઉત્પન્ન થતાં જીવને જન્મ-મરણનું સ્થાન જો એક જ પંક્તિમાં (લાઈનમાં) આવતું હોય તો અવિગ્રહ ગતિ અને ૧ સમય જ થાય છે. પરંતુ જો એક વળાંક કરવો પડે ત્યાં ૨ સમય, બે વળાંક કરવા પડે ત્યાં ૩ સમય, અને ત્રણ વળાંક કરવા પડે ત્યાં ૪ સમય લાગે છે.

મૃત્યુ પામીને જીવ તે સમયે પૂર્વભવના શરીરથી જીવ આહાર લે છે અને છેલ્લા સમયે પરભવમાં પહોંચે ત્યારે તે ભવના શરીરથી આહાર લે છે, પરંતુ વચ્ચેના સમયોમાં જીવને ઔદારિક શરીર ન હોવાથી અણાહારી હોય છે. જો અંતરાલ ગતિમાં ત્રણ સમય લાગે તો એક સમય અણાહારી હોય છે અને ચાર સમય લાગે તો બે સમય અણાહારક હોય છે.

**સંમૂર્છન - ગર્ભ - ઉપપાતા: જન્મ** ———— ૨:૩૨

સૂત્રાર્થ: સંમૂર્છન, ગર્ભ, અને ઉપપાત એમ ત્રણ પ્રકારે જન્મ છે.

ભાવાર્થ: જીવ એક ભવથી મૃત્યુ પામી બીજા ભવમાં પ્રવેશે તે જન્મ કહેવાય છે. તે જન્મના ત્રણ પ્રકારો છે.

(૧) સંમૂર્છન: જે જન્મમાં સ્ત્રી-પુરુષના સંબંધ વિના, અમુક વાતાવરણને કારણે ઔદારિક શરીરને યોગ્ય પુદ્ગલોનું ગ્રહણ થતાં જીવો ઉત્પન્ન થાય તે સંમૂર્છન કહેવાય. જેમ કે દીવાની નજીક ઉત્પન્ન થતા ઉડતા જીવો. (કૂદા)

(૨) ગર્ભજ: સ્ત્રી-પુરુષના સંબંધથી (રુધિર અને શુક્રના મિશ્રણથી) જીવનો જન્મ થાય તે ગર્ભજ કહેવાય.

(૩) ઉપપાત: ઉત્પત્તિસ્થાનમાં રહેલા વૈક્રિય પુદ્ગલોનું સર્વપ્રથમ ગ્રહણ તે ઉપપાત જન્મ. સંસારિક સંબંધ ગ્રહણ નથી. દેવો ફૂલની શય્યામાં અને નારકી કુંભીમાં જે રીતે જન્મે તે ઉપપાત જન્મ કહેવાય.